| GJJN110005132025 | | રજુ તારીખ : | 15 | 09 | 2025 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 15 | 09 | 2025 |
| | | ફેસલ તારીખ : | 14 | 05 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 00 | 07 | 29 |
| | | **આંક : ૨૧.** | | | |

सत्यमेव जयते

---

**મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.**

---

**ફોજદારી કેસ નં.૩૨૫/૨૦૨૫.**

**ફરીયાદી :–** શ્રી સરકાર...
(ભેસાણ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૩૦૦૭૨૫૦૧૮૪/૨૦૨૫)

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** હરેશભાઈ લખુભાઈ દેગડા,
ઉ.વ.૨૯, ધંધો – મજુરી,
રહે.ઈશાપુર,તા.જી.જુનાગઢ.

---

**ગુનો :–** ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.

---

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એમ.એચ.સિંધી.
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.આર.ડોડીયા.

---

**ઠ રા વ**

(૧). ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧૭/૦૫/૨૦૨૫ ના કલાક ૨૦/૧૫ વાગ્યે ભેસાણ તાબેના સુખપુર ગામના પાટીયા પાસે પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે કોઈ પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર–૦૩, કિંમત રૂા.૬૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ હોવાની હકીકતેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી,

તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨). ત્યારબાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા, આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને ત્યારબાદ ઉપરોકત ગુના અંગે આરોપી સામે આંક–૭ થી તહોમતનામુ ઘડી, આંક ૮ થી પ્લી લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ સદર ગુનો કર્યાનો ઈન્કાર કરતા, તેઓ સામેની કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩). આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

**(૩.૧). મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **સાહેદ** | **મૌખિક પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | પ્રવિણભાઈ ડાયાભાઈ સોલંકીની જુબાની. | ૧૧ |
| ૨. | પંચ સાહેદ | હુશેનભાઈ અબુભાઈ સીપાઈની જુબાની. | ૧૩ |

**(૩.૨). દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ નં.** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાની ખરી નકલ. | ૧૨ |

(૪). ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરતા, જેથી ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ લગત આરોપી નું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષની તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને તેઓ નિર્દોષ હોવાની અને તેઓની ઉપર ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓએ પોતે સોગંદ ઉપર પુરાવો

આપવા માંગતા નથી તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા નથી, તેવી હકીકત જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ, આ કામે મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫). સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

**મુદ્દા નં.૧. :** શું ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ૧૭/૦૫/૨૦૨૫ ના કલાક ૨૦/૧૫ વાગ્યે ભેસાણ તાબેના સુખપુર ગામના પાટીયા પાસે પોતાના કબજામાં ગેરકાય-દેસર રીતે કોઈ પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર-૦૩, કિંમત રૂા.૬૦૦/-નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમિયાન હાજર મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ હોવાની હકીકતેની ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી,તપાસ કરનાર અમલદારે તપાસ કરી,તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ધી પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨. :** શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણય માટેના કારણો</u>**

**<u>મુદ્દા નં.૧</u> :-**

(૭). આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે સાંભળવામાં આવેલ દલીલોનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષ તરફે આંક-૧૧ થી પંચ સાહેદ પ્રવિણભાઈ ડાયા ભાઈ સોલંકીને તથા આંક-૧૩ થી પંચ સાહેદ હુશેનભાઈ અબુભાઈ સીપાઈને

સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૨ થી રજુ પંચનામામાં પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કર્યાની હકીકત જણાવેલ છે અને સદર પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. આમ, સદરહું પંચ સાહેદોએ આંક–૧૨ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારબાદ, પંચ સાહેદોની આરોપીના વિધ્વાન વકીલશ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સદર પંચ સાહેદોએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી, તે સિવાય પંચનામાની વિગતે તેઓ કંઈ જાણતા નથી. આમ, સદરહું કામે આંક–૧૨ થી રજુ થયેલ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના જે પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેમણે માત્ર પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહીઓ કરી છે તે સિવાય તેઓને પંચનામાની વિગત ની કાઈ ખબર નથી. જેથી આ કામે આંક–૧૨ વાળુ પંચનામું પુરવાર થતું નથી. તેવા સંજોગોમાં ***નામદાર ગુજરાત હાઈકોર્ટના જીવાભાઈ ટી. વસાવા વિ. સ્ટેટના ૨૦૦૪(૧) જી.એલ.આર.૪૬૦ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,*** *None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of recovery panchnama have also not been proved by Investigation Officer. In such a situation, recovery panchanama cannot be read in evidence.*

(૮). વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આ કામના ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારી ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી.તેમજ આ સિવાય બીજો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પંચ સાહેદોની સોગંદ ઉપરની જુબાનીને આધારે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૯). આમ, ઉપરોકત હકીકતો તથા ફરીયાદપક્ષના કેસની હકીકતો ધ્યાને લેતાં, આરોપી ના કબજામાંથી પ્રોહીબીશન મુદ્દામાલ દેશી દારૂ મળી આવેલ હોવાની હકીકત શંકાસ્પદ બને છે. ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના આરોપીએ તા. ૧૭/૦૫/૨૦૨૫ ના કલાક ૨૦/૧૫ વાગ્યે ભેસાણ તાબેના સુખપુર ગામના પાટીયા પાસે પોતાના કબજામાં ગેરકાયદેસર રીતે કોઈ પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર–૦૩, કિંમત રૂ.૬૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી પકડાઈ

ગયેલ. ત્યારે તેવા સંજોગોમાં જે દારૂ મળી આવેલ હતો તે મુદ્દામાલ આરોપીની માલીકીનો હતો તથા તે સ્થળ ઉપર આરોપીની હાજરીની હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની રહે છે. પરંતુ, આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, કહેવાતી બનાવવાળી જગ્યાએથી આરોપીના કબજામાંથી દેશી પીવાનો દારૂ મળી આવેલ હતો તેવું જણાવતા કોઈ સ્વતંત્ર અને માનવાલાયક આધાર પુરાવા આ કામે રજુ કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષ તરફથી કહેવાતો પકડાયેલો દેશી દારૂનો મુદ્દામાલ આરોપીના કબજામાંથી મળી આવેલ હતો તેવું પુરવાર કરવા માટે આંક-૧૨ થી રજુ થયેલા પંચનામા ઉપર આધાર રાખવામાં આવેલ છે.પરંતુ આ પંચનામાના પંચ સાહેદોને આંક-૧૧ તથા આંક-૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ આંક ૧૨ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતાં નથી અને પોલીસે તેઓની તૈયાર પંચનામા ઉપર સહી લીધેલાની હકીકત જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતા આંક-૧૨ વાળુ પંચનામું પંચોની હાજરીમાં અને પંચ સાહેદોના લખાવ્યા મુજબ પોલીસે લખેલ હોય તેવી કોઈ હકીકત સાબીત થતી નથી. જેથી આંક-૧૨ વાળું પંચનામું પુરવાર થતું નથી. આ સંજોગોમાં કહેવાતો પકડાયેલો દેશી દારૂ આરોપીનો હતો કે આરોપીના કબજામાંથી મળી આવેલ હતો તેવું પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફથી બીજા કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી અને તે અંગેનો કોઈ લેખીત આધાર પણ રજુ કરવામાં આવેલ નથી. આમ, સદરહું મુદ્દામાલ મજકુર આરોપી પાસેથી પોલીસે કબજે કરેલ છે કે કેમ તે હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ,આરોપી પાસેથી કોઈ દેશી દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી પુરવાર થતું નથી. ત્યારે તેવા સંજોગોમાં કહેવાતો પોલીસે કબજે લીધેલો પીવાનો દેશી દારૂનો પ્રોહીબીશન મુદ્દામાલ આરોપીની જ માલીકીનો હતો કે કેમ ? તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. આમ,આરોપી પાસેથી કોઈ દારૂ કબજે કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપરથી પુરવાર થતું નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના સાહેદોની જુબાની શંકા ઉપજાવે છે. આમ, સમગ્ર ચર્ચાને અંતે આરોપીને સદર ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો જણાઈ આવતો ન

હોય, આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ નથી.

(૧૦). વધુમાં, સદર કામે ફરીયાદ પક્ષ તરફે તટસ્થ અને સ્વતંત્ર એવા પંચ સાહેદો સિવાય અન્ય કોઈ તટસ્થ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી અને પંચ સાહેદો પંચનામાની કે ફરીયાદની હકીકતને સમર્થન આપેલ નથી. જે હકીકતો ધ્યાને લેતાં તથા ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી.

(૧૧). વધુમાં, ***નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)*** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી) મહત્વની બની રહે છે.આમ, ઉપરોકત ચુકાદાની હકીકત સાથે હાલના કેસની કાર્યવાહી ધ્યાને લેતાં, તથા રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપી એ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. જેથી ઉપરોકત સમગ્ર ચર્ચાને અંતે આરોપીને તેની સામેના ગુના સાથે સાંકળતો કોઈ સબળ પુરાવો જણાઈ આવતો ન હોઈ, તેથી આરોપી સામેના ગુનાનું તહોમત ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરી શકેલ ન હોઈ, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧). આ કામના આરોપી હરેશભાઈ લખુભાઈ દેગડાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ તેઓની સામેના ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે કબજે કરવામાં આવેલ દારૂના મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામે આરોપીએ અગાઉ આપેલા જામીન તથા જાતમુચરકો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૪ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૪/૦૫/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર–જીજે ૦૧૩૯૧)